પોલિયો અભિયાન વચ્ચે આશા બહેનોનો કાળી પટ્ટી ધારણ કરી અનોખો વિરોધ

મહિલા શક્તિ સેનાનું શોષણ, સવારથી સાંજ સુધી કામના માત્ર 100 રૂપિયા વળતર સામે રોષ

ફરજ નિભાવતા નિભાવતા સરકારનું ધ્યાન દોરવા પ્રતીકાત્મક વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

ચાલી રહેલા પોલિયો રસીકરણ અભિયાન દરમિયાન આશા વર્કર અને આશા ફેસિલિટેટર બહેનોએ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવીને શોષણ અને અન્યાય સામે અનોખો વિરોધ નોંધાવ્યો છે. મહિલા શક્તિ સેના દ્વારા રાજ્યના મોટા ભાગના જિલ્લાઓમાં આ પ્રતીકાત્મક વિરોધનું આહ્વાન કરવામાં આવ્યું હતું. મહિલા શક્તિ સેનાના જણાવ્યા મુજબ, આશા વર્કર બહેનો વર્ષોથી આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી રહી છે. માતા અને બાળકના આરોગ્યથી લઈને પોલિયો જેવા મહત્વપૂર્ણ અભિયાનમાં તેમની ભૂમિકા અત્યંત મહત્વની છે. છેવાડાના ગામડાઓ તેમજ ડુંગર વિસ્તારોમાં ફરી ફરીને બાળકોને બોલાવવા અને પોલિયો અભિયાનને સફળ બનાવવા તેઓ ખૂબ જહેમત ઉઠાવી રહી છે. તેમ છતાં, સવારના 8 થી સાંજના 6 વાગ્યા સુધી કામ કરાવીને માત્ર 100 રૂપિયા જેવું મામૂલી વળતર ચૂકવવામાં આવતું હોવાનો આક્ષેપ છે. લાંબા સમયથી યોગ્ય સન્માન, હકો અને વિવિધ માંગણીઓના મુદ્દે સંતોષકારક ઉકેલ આવ્યો નથી, તેથી કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ કરવાનો નિર્ણય લેવાયો છે. મહિલા શક્તિ સેનાએ સ્પષ્ટતા કરી છે કે આ વિરોધનો હેતુ પોલિયો અભિયાનને અસર પહોંચાડવાનો નથી, પરંતુ ફરજ નિભાવતા નિભાવતા સરકાર અને સમાજનું ધ્યાન આશા વર્કર બહેનોની વાજબી માંગણીઓ તરફ દોરવાનો છે. આ શાંતિપૂર્ણ અને પ્રતીકાત્મક વિરોધ દ્વારા શોષણ અને અન્યાય સામે અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. મહિલા શક્તિ સેનાના ચંદ્રિકા સોલંકીએ રાજ્યની તમામ આશા વર્કર તથા આશા ફેસિલિટેટર બહેનોને એકતા જાળવી રાખી આ પ્રતીકાત્મક વિરોધમાં જોડાવા અપીલ કરી હતી. જેને પગલે મોટા ભાગના જિલ્લાઓમાં આશા બહેનોએ માથે કાળી પટ્ટી ધારણ કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

બે દિવસ માટે વડોદરા બનશે ‘મિની સચિવાલય’!

પ્રવેશોત્સવના ત્રણ દિવસીય કાર્યક્રમો પૂર્ણ થતાં હવે રાજ્ય સરકારનું ધ્યાન વડોદરા તરફ કેન્દ્રિત થઈ ગયું છે. સોમવાર અને મંગળવારે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ભાગ લેવા રાજ્યના મોટા ભાગના સચિવો, ઉચ્ચ અધિકારીઓ અને વિભાગીય વડાઓ વડોદરામાં હાજર રહેવાના હોવાથી આગામી બે દિવસ માટે જાણે સરકારનું સરનામું ગાંધીનગર નહીં, વડોદરા બની જશે. સરકારી વર્તુળોમાં એવી ચર્ચા છે કે આ બે દિવસ જો કોઈને કોઈ વિભાગના ટોચના અધિકારીને મળવું હોય તો ગાંધીનગર નહીં, સીધા વડોદરાનો રસ્તો પકડવો વધુ સરળ રહેશે. અનેક વિભાગોના નિર્ણાયક અધિકારીઓ એક જ શહેરમાં હોવાથી વડોદરા જાણે બે દિવસ માટે *’મિની સચિવાલય’*નું રૂપ ધારણ કરશે. સોશિયલ મીડિયામાં પણ ટીખળ ચાલી રહી છે કે આગામી બે દિવસ માટે રાજ્યની વહીવટી ધબકારા ગાંધીનગરમાંથી વડોદરા શિફ્ટ થઈ જશે. એટલું જ નહીં, જો કોઈ ફાઇલ પર “સાહેબ ક્યાં છે?” એવો સવાલ પૂછાય તો જવાબ કદાચ એવો મળે કે, “વડોદરામાં શોધો... સરકાર ત્યાં જ છે!” અલબત્ત, આ કોન્ફરન્સનો હેતુ વિકાસ અને રોકાણને વેગ આપવાનો છે, પરંતુ વ્યંગમાં લોકો કહી રહ્યા છે કે આગામી બે દિવસ માટે વડોદરા માત્ર સંસ્કારી નગરી નહીં, પરંતુ ‘સરકારી રાજધાની’ પણ બની જશે!

વડોદરાના ઉચ્ચ શિક્ષિત મેયરશ્રીનો “ઓપન બુક” અભિગમ!

પરંતુ પ્રચાર તો પૂરજોશમાં શરૂ થઈ ગયો છે. હાલ કરજણમાં સ્થિતિ એવી છે કે... “માટી ખોદવા ગયેલા અધિકારીઓએ કદાચ અંદાજ પણ નહીં લગાવ્યો હોય કે તેમની કાર્યવાહીમાંથી રાજકીય ખાડો વધુ ઊંડો થઈ જશે!” ચૂંટણી હજુ એક વર્ષ દૂર છે... પણ ખુરશી માટેની દોડમાં બંને દાવેદારોએ જાણે સ્ટાર્ટિંગ ગન વાગે એ પહેલાં જ દોડવાનું શરૂ કરી દીધું છે!

વડોદરાને નવા મેયર મળ્યા છે. ઉચ્ચ શિક્ષિત હોવાના વિશ્વાસ સાથે પક્ષે તેમને મોટી જવાબદારી સોંપી. પરંતુ લાગે છે કે નેતૃત્વની પરીક્ષા હજુ ચાલુ જ છે. તાજેતરના પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમમાં સરકારી યોજનાનું નામ ભૂલાઈ ન જાય એટલે મેયરશ્રીએ હથેળીમાં જ નોંધ રાખી હતી. એટલે હવે ભાષણ પહેલાં “ચીટિંગ” નહીં, “ચીટ”નો જ સહારો! અગાઉના મેયર તો ભાષણ ગોખીને આવતા હતા, જ્યારે નવા મેયર “પામ નોટ્સ” લઈને આવ્યા. ટેક્નિક અલગ, હેતુ એક જ - ભાષણમાં લોચો ન પડે! હજુ તો કાર્યકાળની શરૂઆત છે. થોડા કાર્યક્રમો, થોડો અનુભવ અને થોડો આત્મવિશ્વાસ વધશે એટલે કદાચ હથેળીની જગ્યાએ બધું યાદથી જ બોલાશે. અત્યારે તો શહેરમાં ચર્ચા એક જ... “વડોદરાના વિકાસ કરતાં પહેલાં ભાષણનો સિલેબસ પૂરો થઈ રહ્યો છે!”

કરજણમાં ચૂંટણી હજુ દૂર... પણ “સીટ” માટેનું ખોદકામ શરૂ!

વિધાનસભાની ચૂંટણીને હજુ એક વર્ષ જેટલો સમય બાકી છે, પરંતુ કરજણના રાજકારણમાં તો જાણે ચૂંટણીની આચારસંહિતા કાલથી જ લાગુ થવાની હોય એવો માહોલ જોવા મળી રહ્યો છે. ભાજપના બે મજબૂત દાવેદારો વચ્ચે “હું આગળ કે તું આગળ”ની અદૃશ્ય સ્પર્ધા હવે જાહેરમાં દેખાવા લાગી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. તાજેતરમાં ખાણ-ખનીજ વિભાગની ટીમ ગેરકાયદે માટી ખોદકામ અંગે તપાસ કરવા આવી અને ડમ્પરો જપ્ત કર્યા. સામાન્ય રીતે આ કાર્યવાહી સરકારી વિભાગની ગણાય, પરંતુ અહીં તો કાર્યવાહી કરતાં વધુ ચર્ચા એ વાતની થઈ કે “કેડિટ” કોણ લઈ જશે! ચર્ચા એવી પણ છે કે ડમ્પરનો સંબંધ એક દાવેદારના નજીકના સગા સાથે જોડાઈ રહ્યો છે, તો બીજી તરફ વિરોધી જૂથ આ મુદ્દાને રાજકીય હથિયાર બનાવી મેદાનમાં ઉતરી ગયું છે. એટલે હવે માટી ઓછી અને એકબીજા પર કીચડ વધુ ઉછળતો જોવા મળી રહ્યો છે. કાર્યકરોની હાલત પણ રસપ્રદ બની ગઈ છે. એક તરફ એક નેતાના સમર્થકો “આ વખતે તો અમારા સાહેબ પાક્કા”ના નારા લગાવી રહ્યા છે, તો બીજી તરફ બીજૂ જૂથ “ટિકિટ તો અમારા નેતાને જ મળશે”નો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યો છે. અંતે કાર્યકરો પણ વિચારમાં પડી ગયા છે કે આખરે બેનર કોનું લગાવવું! કરજણના લોકોમાં પણ ચર્ચા છે કે વિકાસના મુદ્દા કરતાં હવે વધુ ચર્ચા ફોટા, ફ્લેક્સ, સોશિયલ મીડિયા પોસ્ટ અને શક્તિ પ્રદર્શનની થઈ રહી છે. એવું લાગે છે કે ચૂંટણી હજુ આવી નથી,

આઇપીએસ અધિકારીની “ઇન્ટિરિયર ડિઝાઇન” સેવા...!

વડોદરા પોલીસ વિભાગમાં એક IPS અધિકારીની સરકારી કચેરીના રિનોવેશને હવે ચર્ચાનો વિષય બનાવી દીધો છે. વર્ષોથી અનેક અધિકારીઓ જે ઓફિસમાંથી વહીવટ ચલાવતા આવ્યા, એ જ ઓફિસ અચાનક “આઉટડેટેડ” લાગી ગઈ હોય તેમ હવે તેનું મેકઓવર શરૂ થઈ ગયું છે. જાણે સરકારી કચેરી નહીં, પણ કોઈ ફાઇવ-સ્ટાર કોર્પોરેટ કેબિન તૈયાર થઈ રહી હોય! રિનોવેશન ચાલતા અધિકારી હાલ બીજી સરકારી કચેરીમાંથી કામગીરી કરી રહ્યા છે. પરિણામે અરજદારોને “પોલીસ ઓફિસ શોધો” અભિયાનમાં ભાગ લેવો પડી રહ્યો છે. એક ઓફિસે જાઓ તો કહે બીજી જગ્યાએ છે, ત્યાં પહોંચો તો ફરી રાહ જુઓ. ફરિયાદ કરતાં પહેલાં જ લોકોની સહનશક્તિની કસોટી થઈ જાય છે! સવાલ એ છે કે વર્ષોથી સારી રીતે ચાલતી કચેરીમાં અચાનક એવી કઈ દિવ્ય ખામી દેખાઈ કે લાખો રૂપિયાનું રિનોવેશન અનિવાર્ય બની ગયું? શું ટેબલ-ખુરશીથી કાયદો-વ્યવસ્થા જળવાતી નહોતી, કે પછી હવે નવી સજાવટમાં નિર્ણય લેવાની સ્પીડ વધી જશે? હજુ સુધી એ સ્પષ્ટ નથી કે રિનોવેશનનો ખર્ચ કેટલો છે, મંજૂરી કોણે આપી છે અને સરકારી ખજાનામાંથી કેટલા લાખોની “સૌંદર્યવૃદ્ધિ” થઈ રહી છે. પરંતુ લોકોમાં એક ચર્ચા જરૂર છે–”જનતાને સુવિધા મળે કે ન મળે, ઓફિસ તો પ્રીમિયમ દેખાવાની જ જોઈએ!” “લોકોની અરજીઓ ભલે પેન્ડિંગ રહે... પરંતુ ઓફિસનો ફોલ્સ સીલિંગ, મોડ્યુલર ફર્નિચર અને નવી પેઇન્ટિંગ સમયસર થઈ જવી જોઈએ!”

પેટ્રોલ પંપ પાસે ગેરેજ બહાર બે જૂથ વચ્ચે મારામારી

ઉંડેરા ગામે જૂની અદાવતમાં ધિંગાણું, સમાધાનના બહાને યુવક પર હુમલો

સામસામે ફરિયાદ નોંધાઈ,જાનથી મારી નાખીશની ધમકી

જૂના ઝઘડાનું સમાધાન કરવા બાબતે સમજાવતા વેપારી યુવક ઉશ્કેરાઈ ગયો હતો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરના ઉંડેરા ગામ ખાતે આવેલા ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપની પાસેના ગેરેજ બહાર જૂની અદાવતને લઈને બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ ફરિયાદ મુજબ, અજયનગર, જલારામ મંદિર પાસે રહેતા વેપારી યુવકને રાત્રે આશરે 9:50 વાગ્યાના સુમારે સંદીપ ગીરી અને વિશાલ વણઝારા નામના બે શખ્સોએ ફોન કરીને જૂના ઝઘડાનું સમાધાન કરવાનું કહીને દીપકભાઈ યાદવના ગેરેજ પાસે બોલાવ્યો હતો. ફરિયાદી ગેરેજ બહાર પહોંચતા જ આરોપી રાહુલ ગીરી અને સંદીપ ગીરીનો ભાઈ પણ ત્યાં આવી ગયા હતા. ચારેય જણાએ ભેગા મળીને ફરિયાદી સાથે ગંદી ગાળો બોલી બોલાચાલી શરૂ કરી દીધી હતી.

દરમિયાન રાહુલ ગીરીએ પ્લાસ્ટિકની પાઈપ વડે ફરિયાદીના પીઠના ભાગે અને જમણા હાથની કોણીના ભાગે માર માર્યો હતો. સાથે જ રાહુલ ગીરી અને વિશાલ વણઝારાએ ગડદાપાટુનો માર માર્યો હતો. ઝપાઝપી દરમિયાન આરોપીઓએ આજે તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી.

બીજી તરફ, વણઝારા નગરમાં રહેતા યુવકે સામે ફરિયાદ નોંધાવી છે કે, તે દીપકભાઈ યાદવના ગેરેજમાં દીલીપભાઈ પરમાર અને સૌરભ પરમાર સાથે બેઠો હતો. તે દરમિયાન વેપારી યુવક અને તેના મિત્ર સંદીપ ગીરીએ તેને ગેરેજની બહાર બોલાવ્યો હતો. જૂના ઝઘડાનું સમાધાન કરવા બાબતે સમજાવતા વેપારી યુવક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ગાળો બોલીને આજે તો તને છોડીશ નહીં તેવી ધમકી આપી હતી અને કેડ પકડીને ગડદાપાટુનો માર માર્યો હતો. જવાહરનગર પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે ગુનો નોંધીને વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એક્ટિવા પર સવાર થઈ ગઠિયાઓ ફરાર

મોર્નિંગ વોકમાં નીકળેલા વૃદ્ધની સોનાની ચેઈનની ચીલઝડપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરમાં ચેઈન સ્નેચરો ફરી સક્રિય થયા છે. ફતેગંજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મહાકાળી મંદિર પાસે જૂના છાણી રોડ પર મોર્નિંગ વોકમાં નીકળેલા 68 વર્ષીય નિવૃત્ત વૃદ્ધની સોનાની ચેઈન એક્ટિવા પર આવેલા બે અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા.

સમગ્ર બનાવની સૂત્રોમાંથી મળતી વિગત મુજબ, શહેરના આદર્શનગર સોસાયટી, મહાકાળી મંદિરની પાછળ, છાણી જકાતનાકા ખાતે રહેતા ફરિયાદી 68 વર્ષીય બીપીનભાઈ પંડ્યા સવારે છ વાગ્યાના સુમારે મહાકાળી મંદિર પાસે જૂના છાણી રોડ પર ચાલતા જઈ રહ્યા હતા. તે સમયે છાણી કેનાલ તરફથી એક કાળા કલરની એક્ટિવા પર બે શખ્સો આવ્યા હતા.

એક્ટિવા ચલાવનાર આશરે 25 વર્ષનો યુવક કાળા કલરનો શર્ટ-પેન્ટ અને માથે લાલ કલરનો સાફો બાંધેલો હતો, જ્યારે પાછળ બેઠેલો આશરે 20 વર્ષનો યુવક સફેદ ટી-શર્ટ અને બ્લૂ જીન્સ પહેરેલો હતો. અચાનક એક્ટિવા ચાલકે ફરિયાદીના ગળામાંથી સોનાની ચેઈન તોડી લીધી અને પુરાવાનો નાશ કરવા મોઢામાં નાખી દીધી હતી.

ફરિયાદીએ ચેઈન પરત માંગતા બંને શખ્સોએ ચેઈન આપવાની ના પાડી દીધી અને એક્ટિવા પર પૂરપાટ ઝડપે ભાગી ગયા હતા. લૂંટાયેલી સોનાની ચેઈનનું વજન આશરે 15 ગ્રામ અને કિંમત રૂ. 1,50,000 હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. દિવસેને દિવસે શહેરમાં ચેઈન સ્નેચિંગના બનાવો વધતા સિનિયર સિટીઝનમાં ભયનો માહોલ છે.

સ્થાનિક પોલીસે અજાણ્યા બંને ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

રેતીના કારણે બેલેન્સ જતાં હાજર શખ્સોએ કાયદો હાથમાં લીધો

ગોરવામાં લઘુમતિ કોમના શખ્સોએ કાર ચાલકને માર્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં વારિસ પાર્ક મધુનગર ખાતે ફોર વ્હીલ ગાડીના ચાલક પર ચાર શખ્સોએ જીવલેણ હુમલો કરીને કારમાં તોડફોડ કર્યાની ઘટના સામે આવી છે. આરોપીઓએ ડ્રાઇવરને ઢોર માર મારી માથાના ભાગે અને આંખ પર પથ્થર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી અને બળજબરીથી ગાડીની ચાવી પણ ઝૂંટવી લીધી હતી. ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મૂળ ગોધરાના વાવડી બુજર્ગના અને હાલ સમા વિસ્તારમાં ભરવાડવાસ, બાપા સીતારામ મઢુલી પાસે રહેતા 32 વર્ષીય ફરિયાદી સત્યરાજસિંહ રાઠોડ પોતાના માલિકની ફોર વ્હીલ લઈને મધુનગર ગોરવા ખાતે જઈ રહ્યા હતા. રસ્તા પર રેતી હોવાના કારણે ગાડીનું બેલેન્સ જતાં ત્યાં હાજર ફૈઝલ વિજય રાઠોડ, યાસીન યામાભાઈ પટેલ, વસીમભાઈ તથા અન્ય એક અજાણ્યા ઈસમે અચાનક ગાડી ઉપર પથ્થર તથા ઈંટના ટુકડા મારવાનું શરૂ કર્યું હતું. ફરિયાદી ગાડી સાઈડમાં કરી તેઓ સાથે વાતચીત કરવા માટે નીચે ઉતર્યા ત્યારે ચારેય શખ્સોએ અપશબ્દો બોલીને ગડદાપાટુનો માર મારી તેમને નીચે પાડી દીધા હતા. ત્યારબાદ પથ્થર વડે માથાના ભાગે તથા આંખ પર ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. આરોપીઓએ ગાડીના કાચ તથા અંદરના ભાગે નુકસાન કરીને આશરે રૂ. 55 હજાર જેટલું નુકસાન કર્યું હતું. મારામારી બાદ આરોપીઓ બળજબરીપૂર્વક ગાડીની ચાવી કાઢી લઈને ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે ગોરવા પોલીસે ગુનો નોંધીને ચારેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસને કેમ બોલાવે છે કહી સાત શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપી

દંતેશ્વરમાં દારૂની મહેફિલ માણતા અટકાવતા યુવક પર હિંસક હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલી જનપથનગર સોસાયટીના મેઈન ગેટ પાસે રાત્રિના સમયે સાત શખ્સોએ ભેગા મળીને એક યુવક પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આરોપીઓએ ફરિયાદીને લોખંડની પાઇપ અને ચપ્પુના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી અને ગળામાંથી સોનાની ચેઈન પણ લૂંટી લીધી હતી. મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરિયાદી સુરજપ્રતાપ સુરેન્દ્રપ્રતાપ સિંહ ઉ.વ. 28, રહે. જનપથ નગર ફ્લેટ, બીએચ સ્કૂલ નજીક, દંતેશ્વરએ આક્ષેપ કર્યો છે કે શનિવારે રાત્રે આશરે 10 વાગ્યાના સુમારે સોસાયટીના ગેટ પાસે અક્ષય ગોલઢાર, જીગર પંચાલ, ભુરીયો ઉર્ફે પુરુષોત્તમ ચૌહાણ, નિખિલ સિંદે, ભાવેશ ગીતે, બળવંત ગોર અને ખંડેરાવ ગીતે નામના ઈસમોએ ભેગા મળીને તેને ઘેરી લીધો હતો.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓએ તું વારંવાર પોલીસ કેમ બોલાવે છે તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન અક્ષય ગોલઢારે આજે મારી જ દેવો છે એમ કહી લોખંડની પાઇપ ફરિયાદીના માથાના ભાગે મારી દીધી હતી. નિખિલ સિંદેએ ફરિયાદીને પકડીને બાંકડા પર પાડી દીધા બાદ ભુરીયા ઉર્ફે પુરુષોત્તમ ચૌહાણે ડાબા ખભાના ભાગે અને ફેફસાની નીચે ચપ્પુ મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બૂમાબૂમ થતાં સોસાયટીમાં રહેતા પાર્થ બડગુજર અને દર્પણ પટેલ છોડાવવા વચ્ચે પડ્યા તો આરોપીઓએ તેમને પણ માર માર્યો હતો.

દરમિયાન ભાવેશ ગીતે, બળવંત ગોર અને ખંડેરાવ ગીતેએ પથ્થરમારો શરૂ કર્યો હતો. મારામારી દરમિયાન ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાની ચેઈન પણ પડી ગઈ હતી જે પરત મળી નથી. સોસાયટીના અન્ય લોકો ભેગા થતા તમામ આરોપીઓ તને તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી મોટા અવાજે ગાળો બોલતા ભાગી ગયા હતા. એક સફેદ કલરની ફોર વ્હીલ અને ભુરીયા રીક્ષામાં બેસીને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે મકરપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મેહુલ પટેલ ૩૦૦થી વધુ મતોની સરસાઈથી પ્રમુખ બન્યા

પોલો ક્લબ ચૂંટણીમાં ‘ટીમ ડેમોક્રેસી’નો ઐતિહાસિક વિજય

વડોદરા: સંસ્કારી નગરી વડોદરાની અતિ પ્રતિષ્ઠિત અને હાઈ પ્રોફાઈલ ગણાતી પોલો ક્લબની ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ ‘ટીમ ડેમોક્રેસી’એ ઐતિહાસિક સફળતા મેળવી છે. ભારે રસાકસી અને ઉત્સાહભર્યા માહોલમાં યોજાયેલી આ ચૂંટણીમાં કુલ ૧૦૩૪ સભ્યોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પરિણામો આવતાની સાથે જ ‘ટીમ ડેમોક્રેસી’ના સમર્થકોમાં ભારે ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. ચૂંટણીમાં પ્રમુખ પદના મજબૂત ઉમેદવાર મેહુલ પટેલે પોતાના

પ્રતિસ્પર્ધી સામે ૩૦૦થી વધુ મતોના તોતિંગ માર્જિનથી રેકોર્ડબ્રેક જીત હાંસલ કરી છે. ઉલ્લેખનીય છે કે, મેહુલ પટેલ અગાઉ સળંગ ૪ ટર્મ સુધી પોલો ક્લબમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે.

ક્લબના ભદ્ર સભ્યોએ તેમ ના બહોળા અનુભવ અને મજબૂત નેતૃત્વ પર ફરી એકવાર ભરોસો મૂકીને ક્લબના સર્વોચ્ચ પદની કમાન તેમને સોંપી છે. ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ પ્રમુખ મેહુલ પટેલે ક્લબ પરિવારનો આભાર માનતા જણાવ્યું હતું કે, “સભ્યોએ મારા પર મૂકેલા વિશ્વાસને હું ક્યારેય એળે જવા દઈશ નહીં. આ જીત મારી એકલાની નથી, પરંતુ સમગ્ર ટીમ, વડીલો અને પોલો ક્લબના એક-એક સભ્યની જીત છે.” ચૂંટણી પૂર્ણ થયા બાદ યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં ક્લબના કાયાકલ્પ માટે આગામી ૧૦ વર્ષનો એક મેગા ડેવલપમેન્ટ રોડમેપ મંજૂર કરવામાં આવ્યો છે.

ત્રણ દિવસીય રસીકરણ ઝુંબેશ શરૂ

વડોદરામાં રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાનનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ અભિયાન-2026નો રવિવારથી પ્રારંભ થયો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં 28 જૂનથી 30 જૂન દરમિયાન ત્રણ દિવસીય વિશેષ પોલિયો રસીકરણ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અભિયાનનો શુભ પ્રારંભ મેયર ગીતા મકવાણાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ અભિયાન હેઠળ વડોદરા શહેરમાં 0 થી 5 વર્ષના અંદાજે 2 લાખ બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે શહેરના અર્બન હેલ્થ સેન્ટરો, કોમ્યુનિટી હેલ્થ

સેન્ટરો, આંગણવાડી કેન્દ્રો તેમજ રેલવે સ્ટેશન અને એસ.ટી. ડેપો જેવા જાહેર સ્થળોએ વિશેષ પોલિયો બૂથ શરૂ કરવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગના આયોજન મુજબ પ્રથમ દિવસે અંદાજે 70 થી 80 ટકા બાળકોને પોલિયોની રસી આપવામાં આવશે.

આગામી સાત દિવસ વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરમાં ગરમીનો પારો હજુ ઊંચો રહેવા છતાં હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી ભારે પવનો સાથે વરસાદની આગાહી કરી છે. આગામી તા. 1 અને 2 જુલાઈના રોજ ગાજવીજ સાથે 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. રવિવારે વડોદરામાં મહત્તમ તાપમાન 38.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે સામાન્ય કરતાં 3.7 ડિગ્રી વધુ છે. લઘુત્તમ તાપમાન 29.6 ડિગ્રી રહ્યું હતું. જે સામાન્ય કરતાં 2.7 ડિગ્રી વધુ છે. સવારે ભેજનું પ્રમાણ 58 ટકા અને સાંજે 39 ટકા રહ્યું હતું. હવામાન વિભાગની ચેતવણીને પગલે નાગરિકોને વીજળીના કડાકા સમયે ખુલ્લા મેદાન કે ઝાડ નીચે ઊભા ન રહેવા તેમજ જર્જરિત મકાનોથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

લગ્નના એક વર્ષમાં શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ

મોક્સી ગામમાં પરિણીતાનો ફાંસો ખાઈ મોત નીપજ્યું

વડોદરા : વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મોક્સી ગામમાં 19 વર્ષની પરિણીતાએ સાસરીમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં ચકચાર મચી છે. ઘટનાને લઈને ભાદરવા પોલીસે મૃતકના પતિ અને સાસુ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

આણંદ જિલ્લાના મોગર ગામના રહેવાસી દિલીપસિંહ છત્રસિંહ મહિડાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેમની ભત્રીજી શાનુબેનના લગ્ન લગભગ એક વર્ષ પહેલાં મોક્સી ગામના જાવેદખાન દિલાવરખાન પઠાણ સાથે થયા હતા. લગ્ન બાદથી જ પતિ જાવેદખાન અને સાસુ રજીયાબેન દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ઓક્ટોબર-2025 દરમિયાન શાનુબેન સાથે મારપીટ પણ કરવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ સતત ત્રાસથી કંટાળીને શાનુબેને 27 જૂનની રાત્રિથી 28 જૂનની વહેલી સવારે પોતાના સાસરીના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. ભાદરવા પોલીસે પતિ જાવેદખાન પઠાણ અને સાસુ રજીયાબેન પઠાણ સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 108, 115(2) અને 54 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.